રોપણી બાદ વરસાદ ન પડતાં ડાંગરના ધરુ સુકાવા લાગ્યા

તાપીમાં વરસાદ ગાયબ થતાં ડાંગરના ખેડૂતો ચિંતિત

ખેતી માટે પૂરતો વીજ પુરવઠો શરૂ કરવા ખેડૂતોની માંગ

વ્યારાઃ વ્યારા, વાલોડ અને ડોલવણ સહિતના તાલુકામાં ધોધમાર વરસાદ પડ્યા બાદ અચાનક ગાયબ થઈ જતાં ડાંગર પકવતા ખેડૂતો ચિંતિત બન્યા છે. અગાઉ પડેલા ધોધમાર વરસાદને પગલે ખેડૂતોએ ડાંગરની રોપણી કરી દીધી હતી. જો કે, ડાંગરની રોપણી કર્યા બાદ વરસાદ ન પડતાં રોપણી કરેલ ડાંગરનાં ખેતરો સુકાવા લાગ્યાં છે. તેમજ હજુ પણ વરસાદની અછત ન કારણે ડાંગરની રોપણી કરવા માટે પૂરતા પાણીના અભાવે ખેડૂતોએ ડાંગરની રોપણી કરવી મુશ્કેલ બની છે. ત્યારે આ વખતે વરસાદી માહોલ ન રહેતાં ડાંગર પકવતા ખેડૂતો માટે ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ત્યારે ખેડૂતો કૂવા, બોરવેલ સહિતના જળસ્રોતોમાંથી સિંચાઈનું પાણી મેળવી ડાંગરની રોપણી કરી શકે તેમજ સુકાતા ડાંગરના પાકને જીવંત રાખી શકે એ તંત્ર દ્વારા ખેડૂતોને પૂરતો વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઊઠી છે.

ઈલ્યાસ શેખ

કામરેજના ધાતવામાં નકલી ફૂટ બિયર બનાવતું યુનિટ ઝડપાયું

૩.૧.૭૮ લાખના મુદ્દામાલ સાથે એક આરોપીની અટકાયત

પલસાણાઃ સુરત ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે સંયુક્ત ઓપરેશનમાં કામરેજના ધાતવા ગામે ગેરકાયદે રીતે ચાલી રહેલા શંકાસ્પદ નકલી ફૂટ બિયરના મેન્યુફેક્ચરિંગ યુનિટનો પર્દાફાશ કર્યો હતો. બાતમીના આધારે પોલીસે ધાતવા ગામના લીંબડી ફળિયામાં રહેતા ધનાલાલ દેવારામ ગુર્જરના રહેણાક મકાન અને તેની પાછળ આવેલા પતરાના શેડમાં દરોડો પાડ્યો હતો.

આ સફળ રેડ દરમિયાન પોલીસે ઘટના સ્થળેથી કિંગફિશર સ્ટ્રોંગ ફૂટ બિયર (નોન-આલ્કોહોલિક) લખેલી કાચની ૫૮૪ નંગ બાટલીઓ (કિં.રૂ.૧૭,૫૨૦) અને ફૂટ બિયર બનાવવાની મશીનરી (કિં.રૂ.૯૭,૫૦૦) જપ્ત કરી છે. ઉપરાંત સ્થળ પરથી ૫૫૨ નંગ એક્સપાયર્ડ થઈ ગયેલા નોન-આલ્કોહોલિક એનર્જી ડ્રિન્ક્સ અને કાર્બોનેટેડ સોડાનો જથ્થો (કિંમત રૂ.૬૩,૩૬૦) પણ મળી આવ્યો હતો, જેને ફૂડ સેફ્ટી ઓફિસરની હાજરીમાં પંચોની રૂબરૂમાં નાશ કરવામાં આવ્યો હતો. પોલીસે કુલ રૂ.૧,૭૮,૧૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ પૂછપરછમાં આરોપીની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. ૪૬ વર્ષીય આરોપી ધનાલાલ ગુર્જર ભંગારમાંથી કાચની ખાલી બિયરની બાટલીઓ એકત્ર કરતો હતો. ત્યારબાદ પોતાના શેડમાં ગોઠવેલા મશીનની મદદથી પાણીમાં ફૂટ બિયરના સ્વીટનર, પાઉડર અને લિક્વિડ ફ્લેવર્સ ઉમેરી, કાર્બન ડાયોક્સાઈડ ગેસ ભરી બોટલો સીલ કરતો હતો. આ નકલી બોટલો પર બ્રાન્ડેડ કંપનીના લેબલ લગાવીને તે બજારમાં વેચતો હતો. આ મામલે સુરતના ફૂડ સેફ્ટી ઓફિસરે બોટલોનાં સેમ્પલ લઈ વધુ તપાસ હાથ ધરી છે, જ્યારે પોલીસે મૂળ રાજસ્થાનના આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

બાથરૂમમાં પાણી ન નાંખતાં પુત્રએ પિતાને પતાવી દીધા

જોળવામાં ગુસ્સે ભરાયેલા પુત્રએ પિતાને સળિયો મારી દીધો, ગુનો દાખલ

પલસાણાઃ મૂળ મહારાષ્ટ્રના જલગાંવ અને હાલ જોળવાની આરાધના ડ્રીમ સોસાયટી વિભાગ-૧ના મકાન નં.૨૫૨માં રહેતાં આશાબેન સુખલાલ લામોળેએ પલસાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ૧૨ જુલાઈએ બપોરે આશરે ૧:૩૦ વાગ્યાની આસપાસ તેમનો પુત્ર જીતુ બાથરૂમમાં જતો હતો. ત્યારે દુર્ગંધ આવતી હોવાથી તેણે પલંગ પર બેસેલા તેના બીમાર પિતા સુખલાલ (ઉ.વ.૬૦)ને કહ્યું કે, તમે જ્યારે પણ બાથરૂમમાં જાવ છો ત્યારે પાણી કેમ નથી નાંખતા? આ સાંભળી પિતાએ પુત્રને 'તું તારી હોંશિયારી રહેવા દે' તેમ કહેતાં જ પુત્ર જીતુએ પિતા સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. તે સમયે માતા આશાબેને વચ્ચે પડી બંનેને શાંત પાડ્યા હતા. જો કે, થોડી જ વારમાં પુત્ર જીતુ ફરીથી પિતા પાસે જઈ ગાળો આપી લોખંડનો સળિયો લઈ ઘસી આવ્યો હતો. આથી સુખલાલભાઈ જીવ બચાવવા ઘરની બહાર ભાગ્યા હતા. પરંતુ કળિયુગી પુત્રએ તેમની પાછળ દોડી ગરદનના ભાગે સળિયો મારી દીધો હતો. સળિયો વાગતાં તેઓ બેભાન થઈ ગયા હતા. બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુખલાલભાઈને પલસાણા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

મૃતકની પત્ની આશાબેનની ફરિયાદના આધારે આરોપી પુત્ર જીતુ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં પલસાણા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર ભગવાન દેવદાન જીલેરિયા આ મામલે આગળની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ચાંદીપુરાના ભય વચ્ચે વ્યારામાં શાળા પાસે જ કચરાપેટી મુકાઈ

બાળકોના આરોગ્ય સામે જોખમ, તાત્કાલિક યોગ્ય પગલાં ભરવા વાલીઓની માંગ

વ્યારાઃ ચાંદીપુરા રોગની દહેશત વચ્ચે તાપીમાં વ્યારા નગરપાલિકાના વોર્ડ નં.૧માં આવેલી સિંગી ફળિયા પ્રાથમિક શાળાના મુખ્ય ગેટ પાસે મુકાયેલી કચરાપેટી સ્થાનિકો અને વાલીઓમાં ચિંતાનું કારણ બની છે. શાળાના ગેટ પાસે મૂકવામાં આવેલી કચરાપેટીમાંથી સમયસર કચરાનો નિકાલ કરવામાં આવતો ન હોવાથી આસપાસ ગંદકી અને દુર્ગંધ ફેલાઈ રહી છે. જેના કારણે માખી-મચ્છર સહિત જીવજંતુઓનો ઉપદ્રવ વધતો હોવાની સ્થાનિકોમાં બુમરાણ ઊઠી છે. આ સ્થિતિમાં મોટી સંખ્યામાં બાળકો આ શાળામાં અભ્યાસ માટે આવતાં હોવાથી આરોગ્ય પર માઠી અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને ચાંદીપુરા જેવા રોગ અંગે આરોગ્ય વિભાગ દ્વારા સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે કચરાનો નિયમિત નિકાલ કરવા સહિત કચરાપેટી હટાવવાની માંગ ઊઠી છે.

વાલોડ-બારડોલી રોડ પર રિક્ષા પલટી જતાં વૃદ્ધાનું મોત

વાલોડઃ વાલોડ-બારડોલી રોડ પર દેલવાડા ગામ પાસે રિક્ષા પલટી જતાં સુરતના મજૂરા ગેટ વિસ્તારનાં ૭૩ વર્ષીય વૃદ્ધા સુશીલાબેન ગાયકવાડનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે વ્યક્તિને ઈજા થઈ છે. ગત ૧૨ માર્ચે સુશીલાબેન અન્ય બે સત્સંગીઓ સાથે પાલગભાણ ગામેથી રિક્ષા નં.(GJ-05-AZ-4572)માં પરત ફરી રહ્યાં હતાં. તે દરમિયાન ચાલક રાજુભાઈએ રિક્ષા પૂરઝડપે હંકારી અચાનક બ્રેક મારતાં રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. ગંભીર ઈજાગ્રસ્ત વૃદ્ધાનું સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતકના પુત્રની ફરિયાદના આધારે પોલીસે રિક્ષાચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બલેશ્વરમાં હાઈવે ક્રોસ કરતાં માતા-પુત્રનું કાર અડફેટે મોત

રીલીફ હોટલની સામેથી રસ્તો ક્રોસ કરતી વેળા બનેલી ઘટના

કાર ચાલક માતા-પુત્રને સારવાર માટે લઈ ગયો પણ જીવ ન બચ્યો

પલસાણાઃ બલેશ્વરમાં રીલીફ હોટલની સામે રસ્તો ક્રોસ કરી રહેલાં માતા અને માસૂમ પુત્રને એક પૂરઝડપે આવી રહેલી બ્રેજા કારના ચાલકે અડફેટે લીધાં હતાં. કારની ટક્કરથી ગંભીર રીતે ઘવાયેલાં માતા-પુત્રનું ચલથાણની સંજીવની હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે.

મૂળ મધ્યપ્રદેશના સતના અને હાલ બલેશ્વર ગામમાં રહેતા મુકેશભાઈ રામાશ્રય દાહિયા ટ્રુ કલર્સ કંપનીમાં મજુરી કામ કરે છે. ગત સોમવાર, ૧૩ જુલાઈ-૨૦૨૬ના રોજ સાંજના સમયે તેમના પત્ની ગીતાબેન (ઉં.વ.૩૭) અને ૧૦ વર્ષનો પુત્ર ઓમી બહાર ગયાં હતાં. રાત્રિના સમયે રીલીફ હોટલની સામેથી તેઓ રસ્તો ક્રોસ કરી રહ્યાં હતાં, ત્યારે બ્રેજા કાર નં.(GJ-19-BJ-4029)ના ચાલક મનોજ પાલે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી બંનેને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે માતા-પુત્રને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજા થઈ હતી. કાર ચાલક મનોજ પાલે માનવતા દાખવી બંનેને તાત્કાલિક ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડ્યાં હતાં. નોકરી પર ગયેલા મુકેશભાઈને હોસ્પિટલમાંથી ફોન આવતાં તેઓ દોડી આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તબીબોએ માતા-પુત્રને મૃત જાહેર કર્યાં હતાં. એકસાથે પત્ની અને પુત્ર ગુમાવતાં પરિવારમાં આક્રંદ છવાઈ ગયો છે. પલસાણા પોલીસે મૃતકના પતિની ફરિયાદના આધારે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જમીનનો અડધો ભાગ માંગતા ભાઈના દીકરાનો ફોઈ પર લાકડીથી હુમલો

સોનગઢના ગાયસવાર ગામના નીતિન ગામીત સામે પોલીસ ફરિયાદ

વ્યારાઃ ભડભૂંજામાં જમીનનો ભાગ માંગતા ભાઈના દીકરાએ ફોઈ પર હુમલો કર્યો હતો.

ગત તા.12-7-2026ના રોજ રાત્રિના સાડા આઠ વાગ્યાના અરસામાં તારાબેન રાવજીભાઈ ગામીત (ઉં.વ.55) (ધંધો-મજૂરીકામ) (રહે.,ભડભૂંજા સ્ટેશન ફળિયું, તા.ઉચ્છલ)પોતાના ઘરે ભાઈના દીકરા નીતિન વંતીયા ગામીત (રહે.,ગાયસવાર, તા.સોનગઢ) સાથે વાતચીત કરી રહ્યા હતા. દરમિયાન વિધવા મહિલાએ ભાઈના દીકરા નીતિનને જમીનનો અડધો હિસ્સો આપવા કહેતાં નીતિને ઉશ્કેરાઈને તું તો સાસરે આવેલી છે. જમીન મારા બાપાની છે. આ જમીન તને આપવાની? એમ કહી ગાળાગાળી કરી ચૂલાની બાજુમાં પડેલા લાકડાં વડે સપાટા મારી પોતાની ફોઈને ઈજા પહોંચાડી હતી. મહિલાને ડાબા હાથમાં ફ્રેક્ચર થયું હોય સારવાર માટે વ્યારા રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

આ બનાવમાં પોલીસે વ્યારા રેફરલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી વિધવા મહિલાનું નિવેદન લઈ આરોપી નીતિન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોસંબા-તરસાડીના મુખ્ય માર્ગ પર અકસ્માત રોકવા આખરે બમ્પ મુકાયા

લોકોના આક્રોશ બાદ તંત્ર જાગ્યું

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા અને તરસાડી વચ્ચેથી પસાર થતો મુખ્ય માર્ગ વિસ્તારની જનતા માટે ધોરી નસ સમાન છે. રાત-દિવસ આ માર્ગ પર નાનાં-મોટાં વાહનો અને પ્રજાની અવરજવર રહે છે. અગાઉ કરોડો રૂપિયાના ખર્ચે માર્ગ બનાવવામાં આવ્યો હતો. નાનાં વાહનો અને જનતાથી ખીચોખીચ ભરેલા રહેતા આ માર્ગ પર ઓવરલોડ વાહનો પણ ગતિ મર્યાદાથી બહાર દોડતા અને બમ્પ વિનાના આ માર્ગ પર વારંવાર અકસ્માત સર્જાતા હતા. જેના પગલે સ્થાનિક આગેવાન બળવંત ઈશ્વર પંચાલ, એયાઝ મલેક સહિત સંખ્યાબંધ લોકોએ ભારે વિરોધ નોંધાવી અકસ્માત રોકવા બમ્પ મૂકવા માંગ કરી હતી. આખરે બમ્પ મૂકવામાં આવતાં લોકોમાં ખુશી જવા મળી હતી.

ઓલપાડની બે સરકારી પ્રાથમિક શાળામાંથી ૮૬ નળની ચોરી

સાયણઃ ઓલપાડ ટાઉનમાં આવેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત બે સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન દરમિયાન ચોરીની ઘટના સામે આવી છે. અજાણ્યા તસ્કરો શાળા કેમ્પસના બગીચા, પાણીના પરબ, મધ્યાહન ભોજન ખંડ અને ટોઇલેટ-બાથરૂમમાંથી કુલ રૂ.૪૩,૦૦૦ની કિંમતના ૮૬ નંગ નળ ચોરી કરી ફરાર થઈ ગયા છે. વડી કચેરીની સૂચના બાદ બંને શાળાની મહિલા આચાર્યાઓએ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં બજારની મુખ્ય પ્રાથમિક શાળામાંથી રૂ.૨૫,૦૦૦ની કિંમતના ૫૦ નળ અને અસ્નાબાદ પ્રાથમિક શાળામાંથી રૂ.૧૮,૦૦૦ની કિંમતના ૩૬ નળની ચોરી થઈ હોવાનું જણાવાયું છે. જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં થયેલી આ ચોરી અંગે પોલીસે અજાણ્યા ચોરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

બારડોલીમાં ઘન કચરા વ્યવસ્થાપન નિયમો અંગે વર્કશોપ યોજાયો

બારડોલીઃ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્રાદેશિક કમિશનરની કચેરી, સુરત ઝોન દ્વારા બારડોલીના સરદાર પટેલ ટાઉન હોલ ખાતે ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ના સુચારુ અમલીકરણ અને સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો અંગે એક દિવસીય તાલીમ વર્કશોપ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઘન કચરાના યોગ્ય નિકાલ માટે તૈયાર કરવામાં આવેલી 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માર્ગદર્શિકા' પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું, જે આગામી સમયમાં નગરપાલિકાઓ માટે મહત્ત્વની માર્ગદર્શિકા સાબિત થશે. આ અવસરે પ્રાદેશિક કમિશનર (નગરપાલિકા) એસ.ડી.વસાવા, ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, બારડોલી નગરપાલિકાનાં પ્રમુખ નીલમબેન વ્યાસ, અધિક કલેક્ટર આર.સી. પટેલ, નાયબ કલેક્ટર ડી.વી.ગામીત, પ્રાંત અધિકારી જીજ્ઞાબેન પરમાર, બારડોલી મામલતદાર કલ્પનાબેન પટેલ સહિત વિવિધ નગરપાલિકાઓના પ્રમુખો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડમાં બાંધકામ સાઈટ ઉપર કામ કરતા શ્રમિકનું નીચે પડી જતાં મોત

સાયણઃ ઓલપાડ ટાઉનના માળી ફળિયામાં ભાડેના મકાનમાં મૂળ બિહારના ગોપાલગંજનો શ્રમિક મુન્ના શ્રીલોકી વર્મા (ઉ.વ.૩૬) રહેતો હતો. બાંધકામ સાઈટ ઉપર કામ કરતો મુન્ના ગત તા.૧૩ના રોજ સવારે ઓલપાડ ટાઉનના માળી ફળિયામાં સંજય પટેલના નવા બનતા મકાનમાં બાંધકામ સાઈટ કામ કરી રહ્યો હતો. ત્યારે તેને અચાનક ચક્કર આવતાં તે નીચે જમીન ઉપર પટકાયો હતો. જેથી તેને છાતીના ભાગે ગંભીર ઇજા થવાથી પ્રાથમિક સારવાર અર્થે ઓલપાડના સી.એચ.સી.માં લઈ જવાયા બાદ વધુ સારવાર અર્થે સુરત શહેરની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ બાબતે મૃતકની પત્ની મમતાદેવીએ ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. પૃથ્વીરાજસિંહ કરી રહ્યા છે.

વાંકલના હનુમાનજી મંદિરે ૨૧ ફૂટની દિવ્ય ગદાનું આગમન

વાંકલઃ માંગરોળના વાંકલ હનુમાનજી મંદિર ખાતે સમગ્ર ભારતમાં ભ્રમણ કરી રહેલી ૨૧ ફૂટ લાંબી વિશાળકાય દિવ્ય ગદાનું ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે હનુમાનજી મહારાજની વિશેષ મહાઆરતી યોજાઈ હતી, જેમાં વહેલી સવારથી જ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઊમટી પડ્યા હતા. આ ગદા યાત્રા ઉદયપુરની કંચન સેવા સંસ્થાન (હનુમંત ધામ) ના તત્ત્વાધાન હેઠળ યોજાઈ રહી છે.

વ્યારામાં મોપેડ ચોરાતાં પોલીસ ફરિયાદ

વ્યારાઃ વ્યારાના સ્ટેશન રોડ પર આવેલા નક્ષત્ર હાઈટ્સના પાર્કિંગમાંથી મોપેડ ચોરાયાની ઘટના સામે આવી છે. ફરિયાદી પ્રતીક તંબોલીએ ગત ૬ જુલાઈએ પોતાની મોપેડ નં.(GJ 26 Q 4639) ત્યાં પાર્ક કરી હતી, જે કોઈ અજાણ્યો શખ્સ ચોરી જતાં ૧૩ જુલાઈએ વ્યારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી.

ઓલપાડમાં જુગારના બે વોન્ટેડ આરોપી ઝડપાયા

સાયણઃ ઓલપાડ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે નિહોરા નગરથી બે વોન્ટેડ આરોપી અજય દેવીપૂજક (ઉ.વ.૨૩) અને બળવંત ઉર્ફે ફેનિયો વસાવા (ઉ.વ.૪૧)ને ઝડપી પાડ્યા હતા. બંને આરોપી ૨૦૨૬ના જુગારધારાના ગુનામાં નાસતા-ફરતા હતા. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તાતીથૈયામાં રૂમમાંથી શ્રમિકની લાશ મળી

પલસાણાઃ તાતીથૈયા ગામે સોનીપાર્ક-૨ના એક ભાડાના રૂમમાંથી ૪૦ વર્ષીય શ્રમિક શત્રુઘ્ન જગદંબા પ્રસાદ મૃત હાલતમાં મળી આવ્યા હતા. મૂળ મધ્યપ્રદેશ અને બિહારના વતની શ્રમિક ગઈકાલે અગમ્ય કારણોસર મૃત્યુ પામ્યા હતા, જેની જાણ તેમની પત્ની લાલશાદેવીએ પોલીસને કરી હતી. કડોદરા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આદરી છે.

બારડોલી-સુરત હાઈવે પર રિક્ષા પલટી જતાં ચાલકનું મોત

પલસાણાઃ પલસાણાના બારડોલી-સુરત રોડ પર બિંદલ મિલ પાસે પૂરઝડપે જઈ રહેલી એક થ્રી-વ્હીલર રિક્ષા અચાનક પલટી મારી ગઈ હતી. આ બનાવમાં ચાલક ધર્મેન્દ્રકુમાર લોકનાથસિંગ કુશ્વાહ (ઉ.વ.૪૦) (રહે.,વરેલી)ને માથા તેમજ શરીરે ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

નેત્રંગમાં આરોગ્ય વિભાગની સર્વેલન્સ કામગીરી

પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગના ઘાણીખુંટ ગામે ગત વર્ષના શંકાસ્પદ ચાંદીપુરા કેસને પગલે થવા PHCની ૬ ટીમ દ્વારા સઘન સર્વેક્ષણ હાથ ધરાયું હતું. ૧૭૫ ઘરમાં મેલેથોન પાઉડર છંટકાવ અને જનજાગૃતિ પત્રિકાઓ વહેંચાઈ હતી. તાલુકા આરોગ્ય અધિકારી ડો. એ.એન.સીંગે લોકોને સ્વચ્છતા રાખવા, શરીર ઢાંકતાં કપડાં પહેરવા અને સેન્ડ ફ્લાયથી બચવા અપીલ કરી છે.